# તેલંગાણાની રચના કરાશે : વડાપ્રધાન



નવી દિલ્હી,તા. ૩

જોરદાર વિરોધ છતાં તેલંગાણાની રચના પ્રત્યે સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. વડાપ્રધાન મનમોહનસિંહે આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે તેલંગાણાની રચના કરવામાં આવશે અને તમામ ગુંચવણો દૂર કરાશે. પાંચમી ડિસેમ્બરથી શરૂ થઈ રહેલા સંસદના ટૂંકા શિયાળુ સત્ર દરમિયાન સહકાર આપવા તમામ રાજકીય પક્ષોને સિંહે અપીલ કરી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે દરેક વ્યક્તિએ તેમની પાસે ઉપલબ્ધ સમયનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. અધ્યક્ષ મીરા કુમાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા વડાપ્રધાને કહ્યુ હતુ કે બંને ગૃહોના સાનુકૂળ સંચાલનની ખાતરી કરવા તેની પાસે રહેલી સત્તાનો સરકાર ઉપયોગ કરશે. લોકસભામાં જુદા જુદા પક્ષોના નેતાઓ આજની બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સભ્યોએ ટૂંકા સત્રને લઈને ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યુ હતુ કે કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે પરંતુ માત્ર ૧૨ જ કારોબારી દિવસો આપવામાં આવ્યા છે. સરકાર પાસે જંગી વૈધાનિક એજન્ડા છે. ભાજપે તેલંગાણાની રચના અંગે બિલની માંગ કરી હતી. સાથે સાથે ભાવ વધારાના મુદ્દે ચર્ચાની માંગ કરી છે. તેલંગાણાની રચના માટેની માંગ અંગે પૂછવામાં આવતા વડાપ્રધાને કહ્યુ હતુકે સરકાર આને લઈને કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યુ હતુકે નવા રાજ્યની રચના માટે કાયદાની સમગ્ર પ્રક્રિયાને અનુસરીને સરકાર આગળ વધશે. વડાપ્રધાને સંસદની કામગીરીને યોગ્યરીતે ચલાવવા સભ્યોના સહકારની માંગ કરી હતી. સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ હતુ કે કેટલાક પક્ષોએ સંસદના શિયાળુ સત્રને લંબાવવા માટેના મત રજુ કર્યા હતા. સાથે સાથે ક્રિસમસ બાદ સત્રને લંબાવી શકાય છે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. કમલનાથે કહ્યુ હતુકે સભ્યો દ્વારા કરાયેલી રજુઆતને વિચારણા માટે ધ્યાનમાં લેવાશે. તેમણે એમ પણ કહ્યુ હતુકે પક્ષો શિયાળુ સત્રમાં તેલંગાણા બિલને લાવવા ઈચ્છુક છે. ભાજપના નેતા સુષ્મા સ્વરાજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુકે તેમની પાર્ટી તેલંગાણા અને લોકપાલ બિલ બંનેને પસાર કરવામાં આવે તેવી ઈચ્છા ધરાવે છે.

## શિંદેની અંતે ગુલાટ : મોદીની ચકાસણી કરવા સ્પષ્ટ ઈન્કાર

**મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા એક મહિલાની જાસુસીના મામલામાં કેન્દ્ર દરમિયાનગીરી કરશે નહીં : સુશીલ શિંદે**

નવી દિલ્હી,તા.૩

કેન્દ્ર સરકાર ભાજપમાં વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી દ્વારા એક મહિલાની જાસૂસી કરવાના મામલામાં તપાસ કરાવશે નહીં. કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે પોતાના અગાઉના વલણને બદલીને ગુલાટી મારી હતી. શિંદેએ કહ્યુ હતુ કે સાહેબની ચકાસણી કેન્દ્ર સરકાર કરશે નહીં. શિંદેએ એમ પણ કહ્યુ હતુ કે જાસૂસીનો મામલો રાજ્યના અધિકાર ક્ષેત્રનો મામલો છે. કેન્દ્ર સરકાર આમાં દરમિયાનગીરી કરશે નહીં. શિંદેએ આ અગાઉ મુંબઈના એક કાર્યક્રમમાં આ મામલાની ચકાસણી કરવાની વાત કરી હતી. નરેન્દ્ર મોદી પર ગુજરાતના વહીવટી વ્યવસ્થાના દુરુપયોગના મામલે આક્ષેપ થયા બદા આ મામલાની ચકાસણી કરવા શિંદેએ કહ્યુ હતુ. તેમણે એમ પણ કહ્યુ હતુ કે કેન્દ્ર અને રાજ્યના ગૃહ સચિવોને ગેરકાયદે જાસુસીના મામલામાં કાર્યવાહી કરવા માટે કહેવામાં આવ્યુ છે શિંદે આ મામલામાં ચકાસણીનો ઈન્કાર કરી રહ્યા છે પરંતુ ગૃહમંત્રાલયના અધિકારીઓના જણાવ્યા મુજબ જાસુસી મામલામાં કેન્દ્ર રાજ્ય સરકાર પાસેથી માહિતી મેળવી શકે છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ મહિલા સંગઠનો તરફથી મળેલી તપાસની અરજીને ગૃહમંત્રાલયને મોકલી દીધી છે. મંત્રાલય આ વિષય પર રાજ્ય સરકાર પાસેથી જવાબ માંગી શકે છે. જાસુસી મામલાની ચકાસણીના નિવેદન બાદ શિંદેની ભાજપ દ્વારા વ્યાપક ટીકા કરવામાં આવી હતી. ભાજપના પૂર્વ અધ્યક્ષ નીતિન ગડકરીએ કહ્યુ હતુકે આ મામલામાં ચકાસણીનો કોઈ અધિકાર છે કે કેમ તેવો પ્રશ્ન તેઓ શિંદેને કરવા માંગે છે.

## દિલ્હીના એક કરોડથી વધુ મતદારો ૭૦ મહિલાઓ સહિત ૮૧૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે તૈયાર

નવી દિલ્હી,તા. ૩

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનનો તખ્તો તૈયાર થઈ ગયો છે. આવતીકાલે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાન યોજાશે. એક કરોડથી વધુ મતદારો ૭૦ મહિલાઓ સહિત ૮૧૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. જેમા ભાજપના ૬૮, બસપના ૬૯, સીપીઆઈના ૧૦, કોંગ્રેસના ૭૦, આમ આદમી પાર્ટીના ૭૦ ઉમેદવારોનો સમાવેશ થાય છે. અન્ય અને અપક્ષ ઉમેદવારોની સંખ્યા ૫૦૯ રાખવામાં આવી છે. સામાન્ય વિધાનસભા બેઠકોની સંખ્યા ૫૮ અને અનુસૂચિત જાતિની બેઠક ૧૨ છે. કોઈપણ અનિચ્છનીય બનાવને ટાળવા માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. અન્ય રાજકીય પક્ષો પણ શાનદાર દેખાવ કરવા તૈયાર બનેલા છે. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસ સહિત



તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી હતી. આવતીકાલે મતદાન દરમિયાન બજારો બંધ રહેશે. ચૂંટણી પંચે આવતીકાલે મતદાનના દિવસે જાહેર રજા જાહેર કરી છે. રાજકીય પક્ષો સામે નોંધાયેલી એફઆઈઆરની સંખ્યા આ વખતે ૩૪૬ જેટલી છે. કુલ ૧૦૫ એફઆઈઆર એએપી સામે નોંધાવવામાં આવી છે જ્યારે ભાજપ સામે ૮૬, બસપ સામે ૨૭ એફઆઈઆર દાખલ થઈ છે. કોંગ્રેસ સામે આવી ૮૮ એફઆઈઆર દાખલ થઈ ચૂકી છે. પત્રકાર પરિષદમાં મુખ્ય ચૂંટણી અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ચૂંટણી પ્રચારનો અંત આવ્યા બાદથી રાજકીય પક્ષોને નેતાઓ ઘરે ઘરે જઈને સંપર્ક કરી રહ્યા છે. પ્રચારના છેલ્લા દિવસે સોનિયા ગાંધી, લાલકૃષ્ણ અડવાણી, નરેન્દ્ર મોદી, માયાવતી, નિતીશ કુમાર જેવા નેતાઓએ ચૂંટણી સભાઓ સંબોધી હતી. આવતીકાલે યોજાનાર મતદાન માટે ૧.૧૯ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા ઉત્સુક બનેલા છે. દિલ્હીમાં ૪.૦૫ લાખથી વધુ મતદારો પ્રથમ વખત મતદાન કરશે. ૧૫ વર્ષથી શાસન કરી રહેલી કોંગ્રેસ સરકારને ફગાવી દેવા ભાજપ તરફથી જોરદાર પ્રચાર કરવામાં આવ્યો હતો.

## મુજફ્ફરનગર હિંસામાં ઘણા કેસો પાછા ખેંચાયા

લખનૌ,તા. ૩

ઉત્તર પ્રદેશમાં મુજફ્ફરનગરમાં સાંપ્રદાયિક હિંસાના ભોગ બનેલા લોકો ઉપર તીવ્ર દબાણ લાવવામાં આવી રહ્યું છે જેના પરિણામ સ્વરૂપે હિંસાનો શિકાર થયેલા ઘણા બધા લોકોએ તેમની ફરિયાદો પાછી ખેંચી લીધી છે. એવા આક્ષેપ છે કે પોલીસ પણ આવી જ હિલચાલને પ્રોત્સાહન આપી રહી છે. મુજફ્ફરનગરમાં ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસામાં થોડાક સમય પહેલાં જ ૬૦થી વધુ લોકોના મોત થયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. મુજફ્ફરનગરની સાંપ્રદાયિક હિંસાને તાજેતરના સમયની સૌથી મોટી હિંસા તરીકે ગણવામાં આવે છે. મળેલી માહિતી મુજબ ઘણા શિકાર થયેલા લોકોએ દબાણ હેઠળ પોતાના કેસો પાછા ખેંચ્યા છે.

**૩૧મી માર્ચ સુધી રાજ્યોને મહેતલ**

## એસીડના વેચાણ મામલે નિયમો ઘડવાનો આદેશ

નવી દિલ્હી,તા. ૩

સુપ્રીમ કોર્ટે રાજ્યોને એસીડના વેચાણ મામલે નિયમો ઘડી કાઢવા વધુ ચાર મહિનાની મહેતલ આજે આપી હતી. રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ધારાધોરણ તૈયાર કરવા માટે આ મહેતલ આપવામાં આવી છે. જસ્ટિસ આરએમ લોધાના નેતૃત્વમાં બેંચે મફતમાં સારવાર આપવા અંગે જવાબ આપવા તમામ મુખ્ય સચિવોને પણ સૂચના આપી છે. એસીડ હુમલાનો શિકાર લોકો પર પ્લાસ્ટિક સર્જરી સહિત મફત સારવારના સંદર્ભમાં માંગ ઉઠ્યા બાદ સુપ્રીમ કોર્ટે જવાબની માંગ કરી છે. બેંચે કહ્યુ છે કે અમે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટી તંત્રને આદેશને પાળવા માટે સૂચના આપી છે. ૧૮મી જુલાઈના દિવસે આપવામાં આવેલા આદેશ મુજબ આગળ વધવા તમામને કહેવામાં આવ્યુ છે. શક્ય તેટલી વહેલીતકે એસીડના વેચાણને અંકુશમુક્ત કરવા કેન્દ્ર દ્વારા ધારાધોરણ ઘડી કાઢવામાં આવનાર છે. એસીડ હુમલાના કેસમાં વધુ તપાસ કરવામાં આવે તે અતિ જરૂરી છે. મોડલ તરીકે હરિયાણા સરકારની સ્કીમની નોંધ લેવામાં આવી છે.

## આધુનિક પૃથ્વી-૨ મિસાઈલનું ફરી વાર સફળ પરિક્ષણ કરાયું

ભુવનેશ્વર,તા.૩

ભારતે આજે પરમાણુ સક્ષમ ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરતી પૃથ્વી-૨ મિસાઈલનું ઓરિસ્સામાં લશ્કરી બેઝથી સફળ પરિક્ષણ કર્યું હતું. સ્વદેશી રીતે વિકસીત કરવામાં આવેલી બેલાસ્ટિક મિસાઈલ પૃથ્વી-૨ મિસાઈલની મહત્તમ રેન્જ ૩૫૦ કિલોમીટરની છે. ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વરથી આશરે ૨૩૦ કિલોમીટરના અંતરે સ્થિત બેલાસોર જિલ્લામાં ચાંદીપુર દરિયાકાંઠે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જથી આ મિસાઈલનું સફળ રીતે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ભારતીય શસ્ત્રદળો દ્વારા નિયમિત ટ્રેનીંગ કવાયતના ભાગરૂપે પૃથ્વી-૨ મિસાઈલનુંપરીક્ષણ કરવામાં આવ્યુંહતું. પૃથ્વી મિસાઈલની સિરીઝ ડીઆરડીઓ દ્વારા હાથ ધરવામાં આવી છે. ભારત સરકારે ૧૯૮૩માં ઈન્ટેગ્રેટડ ગાઈડેડ મિસાઈલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામની શરૂઆત કરી હતી. આ કાર્યક્રમ હેઠળ તૈયાર થયેલી પ્રથમ મિસાઈલ પૃથ્વી છે. પૃથ્વી મિસાઈલ જુદા જુદા તબક્કામાં વિકસીત રવામાં આવી છે. પૃથ્વી-૨ મિસાઈલનું વજન ૪૬૦૦ કિલોગ્રામની આસપાસ છે. જ્યારે લંબાઈ ૮.૫૬ મિટરની છે. આ મિસાઈલને ખૂબ અતિ આધુનિક ગણવામાં આવે છે. પૃથ્વી-૨ મિસાઈલ એસએફસીમાં ૨૦૦૩માં સામેલ કરવામાં આવી હતી. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૧૦ના દિવસે મિસાઈલનું પરીક્ષણ નિષ્ફળ રહ્યા બાદ વધુ તૈયારી હાથ ધરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ આ મિસાઈલની રેન્જ હવે ૩૫૦ કિમી સુધી કરવામાં આવી છે.

જ્યારે મિસાઈલની પેલોડની ક્ષમતા ૫૦૦તી ૧૦૦૦ કિલોગ્રામની છે. પૃથ્વી-૨ મિસાઈલનું ૨૫મી ઓક્ટોબર ૨૦૧૨ અને ૪થી ઓક્ટોબર ૨૦૧૨ના દિવસે સફળ પરીક્ષણ કરવામાં આવી હતી. પૃથ્વી-૨ મિસાઈલનું ૭મી ઓક્ટોબર ૨૦૧૩ના દિવસે ફરી એકવાર પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## ઓક્ટોબરમાં ચાંદીની આયાત ૩૩૮ ટન થઈ

મુંબઈ,તા.૩

ઓક્ટોબર મહિનામાં ભારતમાં ચાંદીની આયાત વધીને ત્રણ મહિનાની ઉંચી સપાટીએ પહોંચી છે. ઓક્ટોબર મહિનામાં ચાંદીની આયાતમાં ૪૦ ટકાનો વધારો થયો છે જે ત્રણ મહિનાની ઉંચી સપાટી છે. નવા આંકડામાં જણાવવામાં આવ્યુ છે કે ઉંચી સિઝનલ માંગને પહોંચી વળવા માટે કિમતી સોનાની ખરીદીના બદલે ચાંદીમાં લેવાલી જોવા મળી રહી છે. ચાંદીની આયાત ઓક્ટોબર મહિનામાં ૪૦ ટકા વધીને ૩૩૮ ટન થઈ ગઈ છે જે સપ્ટેમ્બર મહિનામાં ૨૪૧ ટન હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે તહેવાર અને લગ્નની સિઝનના પરિણામ સ્વરૂપે ચાંદીની માંગમાં વધારો થયો છે. લગ્નની સિઝન ઓક્ટોબરથી શરૂ થઈ હતી. આગામી વર્ષે મે સુદી માંગ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ વર્ષના અંત સુધી ચાંદીની આયાત ૫૨૦૦-૫૪૦૦ ટનની આસપાસ રહે તેવી શક્યતા છે. જાન્યુઆરીથી પ્રથમ ૧૦ મહિનાના ગાળામાં ૪૬૫૨ ટન ચાંદીની આયાત થઈ હતી. આ વર્ષમાં ભારતે સોના ચાંદી પર આયાત ડ્યુટીમાં ત્રણ વખત વધારો કર્યો હતો જેથી આયાત ડ્યુટી વધીને ૧૦ ટકા થઈ હતી. ભારતમાં ચાંદીની આયાત આગામી વર્ષ સુધી જારી રહે તેવી શક્યતા છે.

## આઈડિયાને સ્પાઈસ મર્જર પ્રશ્ને ૬૦૦ કરોડની નોટિસ

નવી દિલ્હી,તા. ૩

ટેલિકોમની મહાકાય કંપની આઈડિયા સેલ્યુલરે આજે કહ્યુ હતુ કે સ્પાઈસ કોમ્યુનિકેશન સાથે તેના મર્જરની સમજૂતિમાં લાઈસન્સ શરતોના ભંગ બદલ ૬૦૦ કરોડ રૂપિયાનો દંડ લાદવા સાથે સંબંધિત ટેલિકોમ વિભાગ તરફથી પત્ર મળ્યો છે. જો કે ડોટે કહ્યુ છે કે જો આઈડિયા દ્વારા આગામી ૧૫ દિવસની અંદર ૬૦૦ કરોડ રૂપિયાની દંડની રકમ ચૂકવી દેવામાં આવશે તો પંજાબ અને કર્ણાટકના ઓપરેશનલ સ્પાઈસ લાઈસન્સના મર્જરને રેકોર્ડ પર લેવામાં આવી શકે છે. આઈડિયા સેલ્યુલરે બીએસઈ સમક્ષ આજે નિવેદનમાં કહ્યુ હતુ કે દંડના સંબંધમાં રજુઆત કરવાના મુડમાં આઈડિયા કંપની દેખાઈ રહી છે. યોગ્ય ફોરમમાં ડોટના પત્રને પડકાર ફેંકવા જરૂરી પગલા લેવા કંપનીએ તૈયારી કરી છે. આઈડિયા સેલ્યુલર લિમિટેડને ડોટ, દૂરસંચાર અને આઈટી મંત્રાલય તરફથી એક પત્ર મળ્યો છે જેમાં શરતોના ભંગ બદલ ૬૦૦ કરોડ રૂપિયાના દંડની વાત કરવામાં આવી છે. સ્પાઈસ કોમ્યુનિકેશન લિમિટેડ સાથે મર્જર મામલે ધારાધોરણનો ભંગ કરવાનો તેના પર આક્ષેપ મુકાયો છે. પહેલી માર્ચ ૨૦૧૦ના દિવસથી સ્પાઈસ કોમ્યુનિકેશન સાથે આઈડિયા સંબંધ ધરાવે છે. ૨૬મી નવેમ્બર ૨૦૦૯ના દિવસે ગુજરાત હાઈકોર્ટ દ્વારા મર્જરને મંજુરી આપવામાં આવ્યા બાદ પહેલી માર્ચ ૨૦૧૦ના દિવસે આઈડિયા સાથે સ્પાઈસની સમજૂતિ અમલી બની હતી. ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપ્યા બાદ આ દિશામાં વધુ હિલચાલ આગળ વધી હતી. દિલ્હી હાઈકોર્ટે ૧૩મી જુલાઈ ૨૦૧૨ના દિવસે એક આદેશ આપ્યો હતો જેમાં ડોટને આઈડિયાના નામે પંજાબ અને કર્ણાટકના ઓપરેશનલ સ્પાઈસ લાઈસન્સના ટ્રન્સફર અંગે અંતિમ નિર્ણય આપવાની સૂચના આપી હતી. ડોટે લેખિતમાં જણાવ્યુ હતુ કે વિભાગ કંપનીઓના મર્જરને ધ્યાનમાં લેવા માટે તૈયાર છે. આઈડિયા પર જંગી દંડ લાદવામાં આવ્યા બાદ ટેલિકોમ કંપનીઓમાં ખળભળાટ મચી ગયો છે. સ્પાઈસ કોમ્યુનિકેશનમાં આઈડિયા સેલ્યુલર ૪૧.૦૯ ટકા હિસ્સેદારી ધરાવે છે. વર્ષ ૨૦૧૦માં કંપનીઓનું મર્જ થયુ હતુ જેના લીધે છ સર્કલમાં લાઈસન્સ ઓવરલેપીંગ થયા હતા. મર્જરના સમયે બંને કંપનીઓ આંધ્ર, દિલ્હી, હરિયાણા, મહારાષ્ટ્ર, પંજાબ અને કર્ણાટક માટે લાઈસન્સ ધરાવતા હતા.

**Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)**

એમની સાથે કોઈ લગ્ન કરશે? એમનાં જેવો એઈડ્સ વાળો જ પાર્ટનર શોધવાનો? બાળકો થશે કે નહીં? બાળકો તંદુરસ્ત થશે? પોતાના દોસ્તોને પોતાની આ ગંભીર બિમારીને કહેવાનું કે નહીં? જો ના કીધું તો તેમની છેતરપીંડી નહીં થાય? પોતાની કરિયરનું શું? નોકરીમાં ભેદભાવ થશે? હજી કેટલાં વર્ષ આપણે જિંદગી જીવી શકીશું? અને એટલે આવી ક્ષણો એમને મિત્રતાનો હાથ જોઈએ છે.

વર્ણવ્યવસ્થાની આભડછેટ કે સ્ત્રીના માસિકની આભડછેટ કદાચ થોડા અંશે સ્વીકાર્ય છે, પણ એઈડ્સની આભડછેટ અને એ પણ એવાં બાળકો કે યુવાનો કે જેમનો કોઈ વાંકગુનો નથી એમની સાથે રાખવી કયારેક સ્વીકાર્ય ન હોય. એઈડ્સ સાથે જીવતા યુવક-યુવતીઓ પોઝીટીવની સ્ટ્રોંગ બન્યાં છે, અને એમને આપણી જેમ સામાન્ય સમજી, એ એઈડ્સ વાળાં છે તો શું થઈ ગયું? સ્વીકારીએ તો કદાચ એ શ્રેષ્ઠ સારવાર સાબિત થઈ શકે.

ચૂંટલો :

એકાદી વ્યક્તિને એચ.આઈ.વી. પોઝિટીવ હોય એટલે એની સાથે ઉદ્ધતાઈથી વર્તવું નહીં, તિરસ્કાર કરવો નહીં એમજ એમની દયા ખાવી નહીં ને સહાનુભૂતિ પણ બતાવવી નહીં. મિત્રતામાં નોર્મલી રહીએ છીએ એમ જ રહેવું, આપણું પોઝિટીવલી વર્તન એમને પોતિકાપણાનો અહેસાસ કરાવશે.

**ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)**

પ્રેમ એટલે અંધકારમાં રસ્તો ભૂલી જવાની મજા. પ્રેમ એટલે રસ્તે ચાલતા પથ્થર દેખાય છતા ઠોકર ખાવાની મજા. પ્રેમ એટલે ભરશિયાળે ઠંડા પાણીમાં નાહતી વખતના સિસકારા. પ્રેમ એટલે ભરઉનાળે કોઈના એક જ કૉલમાં મળવા માટે ખુલ્લા પગે દોડી જવાનો ને બળતા પગની વેદના ભુલી જવાનો રોમાંચ. પ્રેમ એટલે ભરચોમાસે પલળતા જવાનું અને વરસતા જવાનું નામ. પ્રેમ એટલે તડપ અને પ્રેમ એટલે જ ચાહત. પ્રેમ એટલે ઘણું બધું અને પ્રેમ એટલે કશું પણ નહીં.

પ્રેમ એટલે આંખોમાં રાતોરાત ઊગી નીકળતા લીલાંછમ ખેતરો અને પ્રેમ એટલે જ વેરાન વગડાની સીમ પણ. પ્રેમએટલે સૂક્કા બપ્પોરના ઊના ઊના વાયરા અને પ્રેમ એટલે શીળી રાતોના સિસકારા. પ્રેમ એટલે પ્રેમ. મોગરો એટલે પણ પ્રેમ અને સાપની કાંચળી એટલે પણ પ્રેમ. મધુરસ એટલે પણપ્રેમ તો, મધુમાખીનો ડંખ એટલે પણ પ્રેમ. પ્રેમ એટલે પ્રેમએટલે પ્રેમ એટલે પ્રેમ.

**સ્ટોપર :** પ્રેમ એટલે અપેક્ષાથી મુક્ત - માગ્યા કરે તે પ્રેમ નહીં, આપ્યા કરે તે પ્રેમ.

## શિયાળુ સત્ર : સીબીઆઈના દુરુપયોગ મામલો ચગાવાશે

નવી દિલ્હી,તા. ૩

ભાજપના વરિષ્ઠનેતા એમ વેંકૈયા નાયડુએ આજે કહ્યુ હતુ કે ભાજપ ગુરુવારથી શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્ર દરમિયાન આઈબી અને સીબીઆઈના દુરુપયોગ, કોલસા કૌભાંડ, ભાવવધારા સહિતના તમામ મુદ્દાઓને જોરદારરીતે ઉઠાવશે. તેમણે કહ્યુ હતુકે કલમ ૩૭૦ અંગે ભાજપ તેના વલણથી પીછેહઠ કરશે નહીં. ભાજપ સત્ર દરમિયાન લોકો સાથે સંબંધિત તમામ મહત્વના મુદ્દાઓને જોરદારરીતે ઉઠાવશે. તેમણે એમપણ કહ્યુ હતુકે કોલસા કૌભાંડના મામલાને જોરદારરીતે ચગાવશે. સરકાર વડાપ્રધાન સામે કાર્યવાહી કરી રહી નથી પરંતુ ઈમાનદારી માટે જાણિતા અધિકારીઓ સામે પગલા લઈ રહી છે. તેમણે હેરાન કરવામાં આવી રહ્યા છે. વેંકૈયા નાયડુ ઉમેર્યુ હતુ કે કોલસા કૌભાંડની તપાસને દબાવી દેવા સરકાર દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. સીબીઆઈનો દુરુપયોગ થઈ રહ્યો છે. ઈશરત કેસમાં બિનજરૂરી મુદ્દા ઉઠી રહ્યા છે. જુની અદાવતને ધ્યાનમાં લઈને ઈશરત કેસમાં આઈબીના અધિકારીઓને પણ ફસાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. આંધ્ર અને ઓરિસ્સામાં પૂર અને વાવાઝોડાના મુદ્દાને પણ ઉઠાવવામાં આવશે. કલમ૩૭૦નો મુદ્દો પણ ઉઠાવવામાં આવશે. નાયડુએ ઉમેર્યુ હતુ કે કલમ ૩૭૦ અંગે ભાજપના વલણમાં હાલ કોઈ ફેરફાર થશે નહીં. ભાજપે આ મુદ્દે ચર્ચા કરવા માટે તેના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની હાંકલના અનુસંધાનમાં વલણ હળવુ કર્યો હોવાના અહેવાલને રદિયો આપવામાં આવ્યો છે.

## જાન્યુઆરી માસમાં ડુંગળીની કિંમતમાં તીવ્ર ઘટાડો નોંધાશે

નવી દિલ્હી,તા. ૩

સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને રડાનાર ડુંગળીની કિંમતમાં જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ઉલ્લેખનીય ઘટાડો કરવામાં આવે તેવી શકયતા દેખાઈ રહી છે. ડુંગળીની કિંમત તાજેતરના સમયમાં કેટલાક શહેરોમાં કિલોદીઠ ૧૦૦થી પણ ઉપર પહોંચી ગઈ હતી પરંતુ હવે એવા સંકેત મળી રહ્યા છે કે ખેડૂતો તેમની નવેસરની પેદાશને ઓછી કિંમતે વહેચે તેવી શક્યતા છે. કારોબારીઓને જાન્યુઆરી-ફેબ્રુઆરી સુધી કિલોદીઠ ૭-૮ના ભાવે ડુંગળી વેચવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. માર્કેટ સાથે સંકળાયેલા નિષ્ણાંતોનું કહેવું છે કે નવી સરકારને પણ આનાથી રાહત થશે. પાંચ રાજ્યોમાં ડિસેમ્બર બાદ નવી સરકાર સત્તામાં આવનાર છે આવી સ્થિતિમાં ડુંગળીની ઓછી કિંમતથી તેમને રાહત મળી શકે છે. હોલસેલ કિંમતો પહેલાથી જ મોટી મંડીઓમાં પ્રતિ ક્લીન્ટન ૧૭૦૦-૧૮૦૦ થઈ ચૂકી છે. આગામી બે મહિનામાં મોટી મંડીઅમાં ડુંગળીની હોલસેલ કિંમતો પ્રતિ ક્લીન્ટન



૮૦૦-૯૦૦થી પણ નીચે પહોંચી શકે છે. દિલ્હી, લુધિયાણા, લખનૌઉ, પટના, કોલકાતા જેવા મોટા શહેરોમાં છૂટક કિંમતો છેલ્લા એક સપ્તાહમાં પ્રતિ કિલો ૨૦થી ૩૦ રૂપિયા સુધી ઘટી ગઈ છે. આવનાર દિવસોમાં કિંમતોમાં વધુ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. એવા સંકેત પણ મળી રહ્યા છે કે ડુંગળીની કિંમતમાં વધુ ઘટાડો થશે. તાજેતરમાં જ ડુંગળીને લઈને ભારે હોબાળો મચી ચૂક્યો છે. ડુંગળીના મામલે રાજનીતિ પણ રમાઈ ચૂકી છે. પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી હાલ ચાલી રહી છે. નાફેડના બોર્ડ સભ્યોનું કહેવું છે કે આવનાર દિવસોમાં સ્થિતિ હળવી બનશે. આ વર્ષે ઊંચા ઉત્પાદન છતાં સ્થિતિ જટીલ બની હતી. જાન્યુઆરી-ફેબ્રુઆરી મહિનામાં ખરીદ સંબંધિત ડુંગળી બજારમાં આવનાર છે ત્યારે હોલસેલ કિંમતોમાં વધુ ઘટાડો થઈ શકે છે.

## આઈપીએલ ટીમો પાંચ ખેલાડીને જાળવી શકશે

નવી દિલ્હી,તા.૩

ઈન્ડિયન પ્રીમીયર લીગ (આઈપીએલ) હવે એક નવી દરખાસ્ત સાથે આવી રહી છે જેના ભાગરૂપે વર્ષ ૨૦૧૪થી ત્રણ વર્ષ સુધી મહત્તમ પાંચ ખેલાડીઓને જાળવી રાખવા તમામ ટીમોને મંજૂરી આપવવામાં આવશે. બાકીના ખેલાડીઓની હરાજી કરવામાં આવશે. આ ટોચના પાંચ ખેલાડીઓને ૩૯ કરોડ રૂપિયામાં જાળવી શકાશે. આ હિલચાલને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જેના ભાગરૂપે પસંદગી પામેલા પાંચ ખેલાડીઓને ત્રણ વર્ષ સુધી એક વર્ષમાં ૧૨.૫ કરોડ રૂપિયાનો પગાર ચૂકવવામાં આવશે. ટુર્નામેન્ટની શરૂઆત થયા બાદથી ચેન્નાઈ સુપર કિંગના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની આ કેટેગરીમાં આવી ચૂક્યો છે. દર વર્ષે ૮.૬ કરોડ રૂપિયા તેને ચૂકવવામાં આવ્યા છે. આ દરખાસ્ત મુજબ બ્રેકેટની પાંચની યાદીમાં રહેલા બીજા ખેલાડીને ૧૦.૫ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવશે. જ્યારે ત્રીજા ખેલાડીને ૭ કરોડ તથા ચોથા અને પાંચમાં ખેલાડીને ક્રમશ ૫ અને ૪ કરોડની ચૂકવણી કરવામાં આવશે.